રમુજ વાતો.

હાસ્યરસમાળા સીરીઝ નં. ૧.

આવૃત્તિ ૧ લી.

સંવત ૧૯૭૭.

અંધા વાંચે તો ફુટે આંખ,
નકટા વાંચે તો ફુટે નાક;

બહેરા સુણે તો ફુટે કાન,
બુઢ્ઢા વાંચે તો હોય જવાન.

કાજી સુણે તો પાજી હોય,
પાજી સુણે તો રાજી હોય;

હાસ્યરસમાળા છે કેવી,
ખર્ચ કરી એક આના લેવી.

પ્રત ૧૦૦૦.

સને ૧૯૨૧.

અનુવાદક:—

.સાર માધવલાલ ધરમચંદ.

શાહપુર રોડ—અમદાવાદ.

પ્રકાશક:—

વિદ્યા-ભંડાર ઑફીસ.

મેનેજર, ગણેશીલાલ હરદ[illegible]

[illegible]

પ્રકાશકના બે બોલ.

અહા! શું આનંદનો વિષય છે કે આ માળાનું નામ સાંભળતાંજ આનંદ થાય છે. આ માળાને આંખો બંધ કરીને વાંચવું, અને કાન બંધ કરીને સાંભળવું. આપ વાંચો; પણ હસશો નહિ, જો હસ્યા તો ફસ્યા સમજજો. તેથી પ્રકાશક વિનંતી કરે છે કે, જો આપ હસો તો એકજ દાંત ખોલીને હસજો; નહિ તો સઘળા દાંત બહાર નીકળી પડશે. જે માણસને મિત્ર વર્ગમાં એવી હાસ્યરસનું પાન કરવું હોય, ખુશમિજાજ રાખવો હોય, પૂર્ણ આનંદ લેવો હોય, તેનેજ આ માળા વાંચવાનો અધિકાર છે. આ માળા રોતા માણસોને હસવાના માટેજ છે. તેમાં બહુ આશ્ચર્યકારક ગુણ રહેલા છે.

આ માળા દરેક મહિને મહિને પ્રગટ કરવામાં આવશે. તો દરેક બંધુઓને વિનંતિ છે કે લેવા ચુકવું નહિ.

શાહપુર રોડ,
અમદાવાદ
તા. ૧૯-૧૨-૨૦

લી.
ગણેશીલાલ તત્વદર્શી.

[illegible] વિજય પ્રિન્ટિંગ [illegible] હીરાલાલ વસંતદાસે છાપી.
[illegible] ..ડ, **અમદાવાદ.**

રમુજી વાતો.

૧.—અફીણીઆ શેઠજી.

એક અફીણી શેઠજી પોતાના નોકર પાસે દરરોજ દુધ મંગાવી પીતા હતા; પણ તેમને દુધમાં કંઇ સ્વાદ માલુમ પડતો નહોતો. તેથી તેમણે નવો નોકર રાખ્યો અને તેને કહ્યું કે, તું આ નોકર સાથે દરરોજ જજે અને દુધ સારૂં જોઇ અપાવજે. એટલે એ નવા નોકરે પોતાની તારીફ કરી કહ્યું કે, શેઠજી તમે મુંઝાઓ નહિ. હું આજે એવું દુધ અપાવું કે આપે કદીપણ ન પીધું હોય. પછી તે બન્ને નોકર સાથે દુધ લેવા ગયા. તેઓ રસ્તામાં જતા હતા તેવામાં જુના નોકરે કહ્યું કે, ભાઈ! મારી પાસે શેઠજી દરરોજ ત્રણ પૈસાનું દુધ મંગાવતા હતા. તેમાંથી હું બે પૈસાનું દુધ લઈ જતો હતો અને બીજું પાણી રેડતો હતો; માટે આજે આપણે કેમ કરીશું?

પેલા નવા નોકરે કહ્યું કે, આજે આપણે બે પૈસાનું દુધ લઇએ અને અડધો પૈસો તું લે, અને અડધો પૈસો હું લઉં. એમ કહી તેઓ દુધ લઈ ઘેર ગયા. દુધ પીને શેઠજીએ કહ્યું કે આજે પણ દુધમાં કંઇ સ્વાદ નથી. તેમ કરતાં કરતાં પંદર દિવસ ચલાવ્યું. પછી તેની જાણમાં પડયું કે આ નોકરો પાણી રેડી લાવે છે; એટલે તેણે ત્રીજો નોકર ચાલાક અને હોંશિયાર રાખ્યો. પછી તેઓ ત્રણે જણા સાથે દુધ લેવા ગયા. રસ્તામાં પેલા ત્રીજા નોકરે કહ્યું કે ભાઈ, આ શું છે કે શેઠજીએ દુધ લાવવા માટે ત્રણ નોકર રાખ્યા છે ? તે સાંભળી પેલા બીજા નોકરે કહ્યું કે, ભાઇ, અમે તો બે પૈસાનું દુધ લઈ જતા હતા અને બીજું પાણી રેડતા હતા; એટલે શેઠજીને દુધ પસંદ પડતું નહિ તેથી તેમણે તમને પણ રાખ્યા. પછી પેલા ત્રીજા નોકરે કહ્યું કે, સારૂ ત્યારે આજે તમે અકેક પૈસો લઇ લો અને હું એક પૈસાનું દુધ લઈ જઇશ. પછી તે બન્ને જણા વિદાય થઇ ગયા અને ત્રીજો નોકર બજારમાં જઇ એક દમડીની મલાઇ લઈ ઘેર ગયો. તે વખતે શેઠજી અફીણના નિશામાં હતા. તે જોઇ તેણે શેઠજીની મુછો ઉપર મલાઈ ચોપડી દીધી પછી શેઠજીનો નીશો ઉતરી ગયો એટલે તેમણે દુધ માગ્યું. પેલા નોકરે કહ્યું કે, શેઠજી, હમણાં તમે દુધ પી ગયા અને હજુ તો તમારી મુછો ઉપર મલાઇ ચોંટી રહી છે. તે સાંભળી શેઠજી પોતાની મુછ ઉપર હાથ નાખી જોયું તો હાથમાં મલાઇ આવી; તે જોઇ શેઠજી ખુશ થઈ ગયા.

૨.—નીશામાં ને નીશામાં ઘોડા ભુલ્યા.

એક શેઠ અને નોકર બન્ને અફીણી હતા. તેઓ એક દિવસે બન્ને જણા ગામ જવા સારૂ ઘોડા ઉપર બેસી જતા હતા. તેઓ બે ત્રણ ગાઉ છેટે જઇ પહોંચ્યા, ત્યાં તેઓ વિશ્રામ લેવા બેઠા, અને ઘોડાને ઝાડના થડે બાંધી દીધા. ત્યારપછી તેઓએ અફીણ કાઢી નીશો કર્યો અને હોકો ભરીને પીધો. પછી થોડીવારે ઉભા થયા અને ચાલવાનો ઇરાદો કર્યો. તેવામાં શેઠે પૂછ્યું કે, ભાઈ, આપણે કંઇ ભૂલતા ન હોઈએ, કારણ કે આપણે પરદેશ જવાનું છે માટે વીતશે. તે સાંભળી નોકરે કહ્યું કે, શેઠજી, ભુલવાની વાત શી કરો છો ? તમારી પાસે હુક્કો અને અફીણ છે અને મારી પાસે તંબાકુ અને કોયલાની કોથળી એટલે પછી ભૂલવાનું શું રહ્યું ? છતાંએ ભૂલીએ તો ભગવાન જાણે. તે સાંભળી શેઠે કહ્યું, ચાલો હવે રસ્તે થઈએ. અસ્તુ: તેઓ બન્ને જણા ચાલતા થયા અને ઘોડા ત્યાંજ રહી ગયા. તેઓ એક ગામમાં આવી પહોંચ્યા અને એક ભઠીઆરણને ત્યાં ઉતર્યા. પછી શેઠે ભઠીઆરણને કહ્યું કે, ઘોડા માટે દાણો અને અમારા માટે રાંધવાનું શરૂ કરો. ભઠીઆરણે નોકર પાસે દાણો અને ઘાસ મંગાવી તૈયાર કરાવ્યું. પછી નોકરે બહાર જઈ જોયું તો ઘોડા હતા નહિ એટલે તેણે ભઠીઆરણને કહ્યું કે ઘોડા તો છે નહિ અને હું ઘાસ કોને નાખું ? તે સાંભળી

ભઠીઆરણે કહ્યું કે, રસ્તામાં થાકેલા હશે એટલે ચરવા મુકતા આવ્યા હશે માટે હમણાં આવે એટલે તું નાખજે. પછી સાંજ પડવા આવી ત્યાં સુધી ઘોડા આવ્યા નહિ એટલે ભઠીઆરણે પૂછયું કે, શેઠજી; તમારા ઘોડા કયાં બાંધ્યા છે? તે સાંભળી શેઠ સ્તબ્ધ બની ગયા અને નોકરને કહ્યું કે, અલ્યા એ ગધેડા, મેં તને કહ્યું હતું કે, કંઈ ભૂલતા ન હોઇએ અને આખા ઘોડા ભૂલી ગયા. તે સાંભળી નોકરે કહ્યું કે, ચાલો, ચાલો, આપણે લઇ આવીએ. એમ કહી તેઓ બન્ને જણા દોડયા. રસ્તામાં દોડતાં દોડતાં શેઠને ઠેસ વાગી અને ભોંય પડયા, માથું કુટી ગયું અને લોહી વહેવા માંડયું. શેઠે રીસમાં ને રીસમાં નોકરને ચાર પાંચ તમાચા ચોઢી દીધા. પછી થોડીજ વારમાં શેઠના પ્રાણ નીકળી ગયા.

૩.—ધર્મને માટે તમે માણસ થઇ જાઓ.

એક ભિખારી ભિક્ષા માગતાં માગતાં એક કંજુસ માણસને ત્યાં આવી પહોંચ્યો, અને ગળગળતો થઇ બોલવા લાગ્યો કે, હે દયાળુ, મને કંઈ ભિક્ષા આપો. તે સાંભળી પેલા કંજુસે કહ્યું કે, મારી બૈરી ઘેર નથી. તે સાંભળી ભિખારીએ કહ્યું કે, મારે કંઇ તમારી બૈરીની જરૂર નથી; મને તો કંઇક ખાવાનું આપો, કંજુસે કહ્યું, હમણાં કોઇ ઘરમાં માણસ નથી, ભિખારીએ કહ્યું, ભાઇ, ધર્મના માટે તમે માણસ થઇ જાઓ.

૪.—સોની અને મૂર્ખ હજામ.

દિલ્હી શહેરમાં એક સોની દુકાન કરી રહેતો હતો; પરંતુ શહેરમાં ઘણા સોની હોવાથી તેનો ધંધો મંદો ચાલતો હતો; તેથી તેણે પરદેશ જવા વિચાર કર્યો. એક દિવસ તેની દુકાને એક મૂર્ખ ગાંયજો બેસી રહ્યો હતો. તેને હજામત કરતાં પણ આવડતું નહિ, અને ચિંતા યા ફિકર કર્યા સિવાય દરરોજ જ્યાં ત્યાં બેસી રહેતો હતો. તેણે સોનીને પરદેશ જતો જોઇ કહ્યું કે, ભાઇ, કયાં ઉપડયા ? ત્યારે સોનીએ કહ્યું કે, ભાઈ, અહીં ધંધો–રોજગાર મંદો ચાલવાથી પરદેશ જવા માટે તૈયાર થયો છું. તે સાંભળી ગાંયજાએ કહ્યું કે, ભાઈ, મને પણ સાથે લઇ લો. હું આપની પાસે રહીશ, અને ધંધો-રોજગાર કરીશ. ત્યારે સોનીએ કહ્યું કે, તું મૂર્ખ છે અને આપણે તો મુસાફરીનુ કામ છે માટે બુદ્ધિ અને લક્ષ્મી એ બન્નેની જરૂર છે અને તારી પાસે તેમાંનું એકે નથી. એટલે તને સાથે લઇ શું કરૂં ? ગાંયજાએ કહ્યું, જો રૂપીઆની જરૂર હોય તો રૂપીઆ લાવું, પછી શું છે ? ત્યારે સોનીએ કહ્યું, ઠીક, ચાલો તૈયાર થાઓ. ત્યારપછી તેઓ બન્ને જણા ત્યાંથી ચાલતા થયા અને એક સોનાપુર નામના નાનકડા શહેરમાં આવી પહોંચ્યા. તેઓ રાત્રે આઠ વાગતાના સુમારમાં ગામમાં આવી પહોંચવાથી ધર્મશાળા શોધવા લાગ્યા. શોધતાં શોધતાં એક ધર્મશાળા હાથ આવી લાગી. તે જોઇ સોનીએ કહ્યું

કે, આપણે ઓટલા ઉપર સુઈ જઈએ કારણ કે, જો અંદર સુઈ જઇશું તો રાત્રે ચોરનો ભય બહુ રહે છે અને અંદરવાળાઓ પાસે કંઇક ધન હશે તેવું સમજી ચોર લોકો ઓટલા ઉપર સૂતેલાને લુંટતા નથી. તેમ કહી તેઓ થોડીવાર બેસી અને સુઇ ગયા. રાત્રે અડધી રાતના સુમારમાં ચોર લોકો પોતાનો ધંધો કરવા આવી પહોંચ્યા અને દરેક માણસોના તરફ આમતેમ જોવા લાગ્યા. એટલામાં પેલા મૂર્ખ ગાયજાની પીઠ-પર એક ચોરનો પગ વાગવાથી તે ચોર નીચે પડયો. એટલે બીજા ચોરે પૂછયું કે, કેમ ભાઈ નીચે પડયા? ત્યારે તેણે કહ્યું કે, અહીં એક લાકડા જેવું કંઈક પડયું છે તેની ઠોકર વાગી. તે સાંભળી પેલો મૂર્ખ ગાંયજો ઉભો થયો અને કહેવા લાગ્યો કે, તારી આંખ્યો છે કે નહિ? કે માણસને લાકડું બનાવે છે! તે સાંભળી ત્રીજા ચોરે કહ્યું કે ભાઇ જવા દ્યો, આપણે આપણું કામ કરો, કોઇ કંગાલ પડયો હશે. તે સાંભળી પેલા ગાંયજાએ કહ્યું, કંગાલ તું નહિ તો તારો બાપ હશે; અહીં તો રૂપીઆ પચાસ બાંધ્યા છે. આ પ્રમાણે ગાંયજાનું બોલવું સાંભળી સોનીએ વિચાર્યું કે, આ ગાંયજો રૂપીઆ ખોનારો થયો છે. એટલે વાતને ઉલટાવી તેણે પેલા ચોરને કહ્યું કે, તે તો મશ્કરો છે અને મશ્કરીમાં માટીના ટકાને રૂપીઆ કહે છે માટે જોજો નકામા ફસાઈ ના પડો. એવામાં તો એકદમ ગાંયજાભાઇ બોલી ઉઠયા કે, હા ભાઇ, અમે તો મશ્કરા છીએ અને તે અક્કલવાળા છે માટે તેમની પાસે ૮૦)

રૂપીઆ રોકડા બચકે બાંધ્યા છે તો તે ટકા છે કે રૂપીઆ તે તપાસી જુઓ. તે સાંભળતાની સાથેજ ચોરોએ તે બન્ને પાસેથી રૂપીઆ તથા બીજો સરસમાન વિગેરે લુંટી લઇ નાસી ગયા. બીચારો સોની રોતો કકળતો ઘેર આવ્યો અને પ્રાર્થના કરી કહેવા લાગ્યો કે, હે પ્રભુ ! કોઇ દિવસ મૂર્ખનો સંગાથ કરાવીશ નહિ.

૫.—બહાર મીઠું, અંદર મીઠું; બધે મીઠુંજ મીઠું.

એક દિવસ એક બાદશાહે પોતાની ચાકરડીને હુકમ કર્યો કે, એક પૈસાનું બહાર મીઠું, એક પૈસાનું અંદર મીઠું, અને [illegible] મીઠું [illegible] લઇ આવ. તે સાંભળી [illegible] વિચાર [illegible] ચાકરડી [illegible] ચાલાક હોવાથી તેને માલુમ પડ્યું [illegible] તેથી [illegible] ગઈ. બજારમાંથી તેણે પહેલાં એક પૈસાની ખારેક લીધી કારણ કે તે ઉપર મીઠી હોય છે. બીજું એક પૈસાનું કેળું લીધું, કારણ કે તે અંદર મીઠું હોય છે અને ત્રીજું એક પૈસાનો ગોળ લીધો કારણ કે તે બધે મીઠેમીઠો હોય છે. તે સર્વે લઇ બાદશાહ પાસે હાજર કર્યાં. તે જોઈ બાદશાહ ખુશી થઇ ગયો.

૬.—ખાંડ કે ધૂળ?

એક સ્ત્રી બજારમાં ખાંડ લેવા સારૂ જતી હતી, તે બજારમાં એક દુકાન ઉપર આવી પહોંચી અને દુકાનદારને કહ્યું કે, મને એક રૂપીઆની ખાંડ આપો. તે સાંભળી દુકાનદારે તેના સામું જોયું. તે સ્ત્રી રૂપવાન હોવાથી તેના ઉપર દુકાનદાર આશક થઇ ગયો અને તેના સામું જોઈ હસવા લાગ્યો. પછી મીઠી મીઠી વાતો કરી અને પૂછ્યું કે, તમે ક્યાં રહો છો? થોડીવાર બેસો. હું હમણાં નવો ખાંડનો કોથળો આવે એટલે તેમાંથી સારી જોઇને ખાંડ આપું. તે સાંભળી તે બાઇ ત્યાં બેઠી. એટલામાં પેલા વાણીઆએ કહ્યું કે, જુવો, અહીં આવો પેલા ઓરડામાં ખાંડનાં પતાસાં બને છે. [illegible] ઓરડામાં હારડા [illegible] બને છે [illegible] [illegible] કપડું લઇ ચુપકીથી તેમાં ધૂળ [illegible] આપ્યા પછી હસતાં હસતાં કહ્યું કે, લો આ ખાંડ મારે તમારા પૈસા લેવાં નથી. તે સાંભળી તે બાઇ ગાંસડી ઉપાડી ચાલતી થઈ. ઘેર ગયા પછી તે ગાંસડી એક બાજુ ઉપર મુકી અને પોતાનું કામકાજ કરવા લાગી. એવામાં તેનો ધણી આવી પહોંચ્યો. તેણે ગાંસડી છોડી જોયું તો અંદર ધૂળ બાંધેલી હતી. તે જોઇ તેની સ્ત્રીને પૂછ્યું કે, રાંડ, તું ખાંડ લેવા ગઇ હતી કે ધૂળ? તે સાંભળી સ્ત્રીએ જવાબ આપ્યો કે, હું શું કરૂં,

બજારમાં બે આખલા લઢતા હતા, તેથી બધા માણસો દોડવા લાગ્યા, એટલે હું પણ દોડી. એવામાં મારા હાથમાંથી પૈસા પડી ગયા, મેં તરતજ ઉભા રહી તે જગ્યાએથી ધૂળ બાંધી લીધી અને ઘેર ચાલી આવી. એતો ઠીક થયું કે હું બચી ગઇ, નહિ તો પીલાઇને મરી જાત. તે સાંભળી તેના ધણીએ ધૂળ ચાળી જોઈ પણ અંદરથી કંઈ નીકળ્યું નહિ. તેથી તેણે મનમાં વિચાર્યું કે, ઠીક, પૈસા ગયા તો કંઇ નહિ પણ બાયડી તો બચી; નહિ તો મારે હાથે રોટલા પકાવવા પડત.

૭.—યથાર્થ ઉત્તર.

એક બ્રાહ્મણ ગંગા સ્નાન કરીને સૂર્યને જળ ચઢાવવા લાગ્યો. એવામાં એક પાદરી સાહેબ ત્યાં ઉભા હતા, તેમણે તે બ્રાહ્મણને કહ્યું કે, શું આ જળ સૂર્યને પહોંચી ગયું ? તે સાંભળી પેલા બ્રાહ્મણે પાદરી સાહેબના બાપદાદાનાં નામ દઇને ગાળો દેવા માંડી. તે સાંભળી પાદરી સાહેબે નારાજ થઇને કહ્યું કે, તમે મારા બાપદાદાને ગાળો કેમ આપો છો પેલા બ્રાહ્મણે કહ્યું તમારા બાપદાદા તો અહીંઆં હાજર છે નહિ અને એમને ગાળો કેવી રીતે પહોંચી ? અથવા જો તેમને ગાળો પહોંચી તો હમારા સૂર્ય દેવતાને પણ જળ પહોંચી ગયું.

૮.—ડૅાકટર સાહેબકો પીલા દૂંગી.

એક દિવસ એક મીયાંના બચ્ચાને આંખો દુખવા આવી હતી, તેથી તે બીબીને સાથે લઇ ડૅાકટર સાહેબને ત્યાં આંખોમાં દવા પડાવવા સારૂ લઇ ગયાં. ત્યાં ડૅાકટર સાહેબે આંખમાં દવા નાખવા માંડી, એટલે છોકરાએ આંખો બંધ કરી દીધી. ડૅાકટરે બહુજ પ્રયત્ન કર્યો અને સમજાવવા માંડયું, પણ છોકરાએ આંખ ખોલી નહિ. એટલે બીબીએ છોકરાને સમજાવવા માંડયો. બેટા, "દુધ પીલો ન તો ડૅાકટર સાહેબકો પીલા દૂંગી." તે સાંભળી ડૅાકટર સાહેબ હસવા લાગ્યા. છોકરાને બીબીએ બહુ સમજાવ્યો પણ છોકરાએ આંખો ખોલી નહિ. એટલે મીયાં બીબી બન્ને સમજાવવા લાગ્યાં, છતાં પણ છોકરો ન સમજ્યો. તે જોઈ મીયાંએ છોકરાને ગોદમાંથી ઉપાડી ભોંય મુકી દીધો. છેવટે બીબીએ ખોળામાં લઇ સમજાવવા માંડયું કે, બેટા, આંખોં ખોલો; અગર નહીં ખોલતે હો તો મેં તુમ્હારી અમ્મા નહીં, તુમ્હારે બબ્બાકી અમ્મા હો જાઉંગી.

૯.—મશ્કરો.

એક અંગ્રેજ કોઇ ગામમાં આવી પહોંચ્યો. તે ભૂખ્યો હોવાથી તેણે વિચાર્યું કે આ ગામમાં મુર્ખાને ત્યાં જઇ દુધ મંગાવી પી લઈશ. એવામાં તેને એક મશ્કરો મળ્યો.

અંગ્રેજે તેને પૂછ્યું કે, ભાઈ, ઇસ ગાંવકા ઠેકેવાળા કૌન હૈ? મશ્કરો બોલ્યો, હાજી, અહીંઆં ઠેકાવાળા બહુ છે. કોઈ ઠેકા રખાવે છે, કોઇ દાઢી રખાવે છે, તો કોઇ ઝુલ્ફી રખાવે છે. આપ કોને શોધો છો? અંગ્રેજે કહ્યું, "બેલ" હમ યે નહીં પૂછતે, હમ યહ પૂછતે હૈ કિ ઇસ ગાંવકા અમલી કૌન હૈ? મશ્કરો બોલ્યો, હજુર, અહીંઆં અમલી બહુ લોક છે. કોઇ ગાંમના અમલી છે, કોઇ ભાંગના અમલી છે, કોઈ અફીણના અમલી છે તો કોઇ દારૂના અમલી છે; એવા એવા બહુ અમલી લોક છે, હું આપને કોને બતાવું? અંગ્રેજે કહ્યું, (યુ આર્ એ ડેમ્ફુલ્) હમ યહ નહિં પૂછતે હમ યહ પૂછતે હૈં કિ ઈસિ ગાંવકા ઠાકુર કૌન હૈ? મશ્કરો બોલ્યો, હાજી, બતાવું. એક તો અમારા મંદિરમાં ઠાકુર છે, પુરોહિતજીને ઘેર ઠાકુર છે અને ગામમાં ઘેર ઘેર ઠાકુર છે. તે સાંભળી અંગ્રેજે ગુસ્સે થઇને કહ્યું કે, (આઇ વીલ પનીશ યુ) હમ યે નહીં પૂછના ચાહતા, સિર્ફ યે બતલાવો કિ ઇસ ગાંવકા રાજા કૌન હૈ? મશ્કરો બોલ્યો, જનાબ, અહીં તો ઘેર ઘેર રાજા છે. કાલે એક ચમાર મરી ગયો હતો, તેની વહુ હાય મારા રાજા, હાય મારા રાજા એમ કરી કરી રોતી હતી. તેથી હું જાણું છું કે અહીંઆં ઘેર ઘેર રાજા છે. આ સાંભળી અંગ્રેજે કંટાળી નારાજ થઇ બીજે ગામ જવા માંડયું.

૧૦.—આંધળાની બેવકુફી.

એક આંધળા માણુસને એક દિવસ પોતાની નાતમાં જમવાનું હતું, તેથી તે નાતમાં જમવા ગયો. ત્યાં જઇ જમવા બેઠો. જમણુમાં દુધપાક હોવાથી ખાનારનો અવાજ સડપ સડપ થતો હતો તે સાંભળીને પેલા આંધળા માણુસે જોડે બેઠેલા માણુસને પૂછયું કે, ભાઈ આજે શું જમણુ છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે, દુધપાક છે. તે સાંભળી આંધળાએ કહ્યું, ભાઇ, મેં આજ સુધી કોઇ દિવસ દુધપાક ખાધો નથી તો શું તે ખાટો હોય છે? તેણે જવાબ આપ્યો; ના ભાઇ, બહુ મીઠો હોય છે. આંધળાએ પૂછયું, તો શું તે કાળો હોય છે? જવાબ આપ્યો ના, સફેદ હોય છે. આંધળાએ ફરી પૂછયું, સફેદ કેવો હોય છે? તેણે કહ્યું બગલા જેવો. આંધળાએ પૂછયું, બગલો કેવો હોય છે? ત્યારે જોડે બેઠેલા માણુસે હાથ વાંકો કરી બગલા જેવો કરી બતાવ્યો. એટલે પેલા આંધળાએ હાથ ફેરવી જોયું તો હાથ વાંકો ટેડો લાગ્યો અને તે બોલ્યો ભાઈ, મારે તો એ દુધપાક ખાવો નથી ખાઉં તો ગળામાં અટકી જાય, માટે તમે એકલાજ ખાઓ, એમ કહી તે ત્યાંથી ઉઠી ચાલતો થયો.

૧૦.—ઇશ્વર સ્તુતિ.

એક ચોરને પકડાયેલો જોઇ એક મીયાંએ કહ્યું કે, અરે બેવકુફ! ચોરી કરતાં શીખ્યો છું કે નહિ? ચોરી એવી કરવી જોઈએ કે, ખુદા પણ જોઈ શકે નહિ. આટલું કહી મીયાં ચાલતા થયા. થોડેક દિવસે મીયાં રોજા કરવા લાગ્યા તેથી નદીપર દરરોજ નહાવા જતા હતા. મીયાં નહાતાં નહાતાં ડુબકી મારીને ચોરી કરી નીચેથી પાણી પીતા હતા. એક દિવસ એમ કરતાં કરતાં ડુબકી મારી પાણી પીધું તેમાં એક જળ-જંતુ મ્હોડામાં આવી ગયું. તેનું ફેફસું મીયાંના ગળામાં ભરાઇ ગયું. તેથી મીયાં ગભરાવા લાગ્યા. એવામાં પાસે એક શાસ્ત્રીજી સંસ્કૃતમાં પરમાત્માની સ્તુતિ કરતા હતા. તે સાંભળી મીયાંએ તે પ્રમાણે સ્તુતિ કરવા માંડી, “**जले विष्णु, स्थले विष्णु, गले विष्णु व्यापकः । ज्वाल माला कुले विष्णु, मम गले रक्षकः ॥**” મીયાંએ રક્ષકઃ શબ્દનો જોરથી અને પહો-ળાઇથી ઉચ્ચાર કર્યો, તેથી ગળામાં ભરાયેલું જળ-જંતુ બહાર નીકળી પડયું.